—— COPY ——


# THE GANDHIDHAM CHAMBER OF COMMERCE & INDUSTRY

(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com


No. GCCI / 790

તા:૧૨.૦૩.૨૦૧૯

શ્રી એમ. બી. પ્રજાપતી,
નાયબ જિલ્લા ચુંટણી અધિકારીશ્રી,
જિલ્લા સેવા સદન,
ભુજ – કચ્છ

વિષય: આચારસંહિતાના અમલ દરમ્યાન વેપારી આલમને કનડગત ન થાય એ તકેદારી રાખવા બાબતે

માનનિયશ્રી,

સવિનય જણાવવાનું કે લોકસભાની ચૂંટણીને અનૂલક્ષીને આચારસહિંતનો અમલ શરૂ થઈ ગયેલ છે અને આ અંતર્ગત રૂ.૨.૫૦ લાખની રોકડ સંગ્રહની લીમીટ અને રૂ.૫૦ હજારથી વધારેની રોકડની હેર-ફેર માટે પણ આચારસહિંત અંતર્ગત ધારા ધોરણ લાગુ પડેલ છે.

અમે આચારસહિંતાના કડક અમલને આવકારીએ છીએ અને સાથો-સાથ વેપારી આલમને પણ આ સંબધે અવગત કરેલ છે. આમ છતાં આચારસહિંતાના અમલ દરમ્યાન સરકારી તંત્ર દ્વારા વેપારી આલમને કોઈ પણ જાતની ખોટી કનડગત ન થાય એ માટે યોગ્ય તકેદારી રાખવા અમારી આપને નમ્ર વિનંતિ છે.

વિશેષરૂપે કંડલા-ગાંધીધામ સંકુલમાં આવેલ પેટ્રોલ પંપ અને વધુ પડતા શ્રમિકો આધારીત ઉદ્યોગો અને વ્યવાસાયો કાર્યરત હોવાને લીધે રોકડ રકમની હેર-ફેર બહુ જ સામાન્ય છે. આ કેસો સંદર્ભે સ્થાનિકે જ તપાસ કરી તેની યર્થાતતા ચકાસી તેને જવા દેવા માં આવે તે બાબતનું અમલીકરણ દરમ્યાન ખાસ ધ્યાનમાં રાખવા વિનંતી છે જેથી વેપારી આલમ કોઈ કનડગતનો ભોગ ન બને.

વેપારી આલમ આચારસહિંતાનાં ચૂસ્ત અમલ અને પાલન માટે સંપૂર્ણ સહકાર આપશે જ અને એજ પ્રમાણે સરકારી તંત્ર પાસેથી પણ કોઈ કનડગત ન થાય એ અપેક્ષા છે.

આભાર....

આપનો વિશ્વાસુ,

દિનેશ ગુપ્તા
પ્રમુખ